મુખ્ય વિધાન સંબંધી પરિપત્રઃ

વટહુકમને કાયદાનું સ્વરૂપ આપવાની દરખાસ્ત બાબત.

ગુજરાત સરકાર,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃઈએક્સટી/૨૦૦૦/૭/૩૦૨/સી,
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ-૨૧/૧૧/૨૦૦૦

વંચાણે લીધોઃ-સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર ક્રમાંકઃમપબ-૧૦-૨૦૦૦-(૩૮)-કેયુ, તારીખઃ-૧૨-૯-૨૦૦૦

પરિપત્રઃ-

આમુખમાં જણાવેલ સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ૧૨-૯-૨૦૦૦ના પરિપત્રમાં, તારીખઃ૩૦-૮-૨૦૦૦ના રોજ મળેલી મંત્રીમંડળની બેઠકમાં અધ્યક્ષસ્થાનેથી થયેલ સુચનનો ્રઉલ્લેખ થયેલ છે, તે નીચે મુજબ છે.

"વટહુકમને કાયદાનું સ્વરૂપ આપવાની દરખાસ્તવાળી ફાઈલો પણ વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ મારફત જ સમયસર રજૂ થવી જાઈએ તેવી સૂચનાઓનો પુનરોચ્ચાર કરવો"

સામાન્ય વહીવટ વિભાગના ઉકત જણાવેલ પરિપત્રમાં, વટહુકમને કાયદાનું સ્વરૂપ આપવાની કાયદાની દરખાસ્ત રજૂ થાય ત્યારે તે અચૂકપણે વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ મારફત જ રજૂ થાય તે બાબતે વિભાગોનું ધ્યાન દોરી પૂરતી તકેદારી રાખવા જણાવેલ છે.

સરકારશ્રીની ઉપર્યુકત સૂચનાઓ સચિવાલયના વહીવટી વિભાગોના ધ્યાન પર લાવવામાં આવે છે અને તે મુજબ ચુસ્તપણે અમલ કરવા આથી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી.એલ.મહેતા,
સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

પ્રતિ

૧. સર્વેઅ.મુ.સચિવશ્રીઓ ,
૨. સર્વે અગ્ર સચિવશ્રીઓ,
૩. સર્વે સચિવશ્રીઓ,

નકલ જાણ અર્થે રવાનાઃ-

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી/સચિવશ્રી,
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- સર્વે રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- સર્વે નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી,
- વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સર્વે અધિકારીશ્રીઓ,
- સિલેકટ ફાઈલ.

ગુજરાત સરકાર
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
પરિપત્ર ક્રમાંક: GUJ/૧૫/૨૦૧૧/૧૧૦૯/૨૦૧/સી
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 30-૪-૨૦૧૧.

પરિપત્ર:

હાલ, ગુજરાતમાં "બોમ્બે" નામથી શરૂ થતાં જે કાયદાઓ અમલમાં છે તેવા કાયદાઓમાં "બોમ્બે" શબ્દના બદલે "ગુજરાત" શબ્દનો ઉપયોગ કરી અને આવા કાયદા ગુજરાતના કાયદા તરીકે ઓળખાય તે માટેના વિધેયકને ગુજરાત વિધાનસભાએ તા. ૨૮.૦૩.૨૦૧૧ ની બેઠકમાં પસાર કરેલ. જેને માન. રાજ્યપાલશ્રી દ્વારા તા. ૧૩.૦૪.૨૦૧૧ ના રોજ અનુમતિ મળેલ છે અને તેને ગુજરાત સરકારના તા. ૧૫.૪.૨૦૧૧ના અસાધારણ ગેઝેટમાં The Gujarat Short Titles (Amendment) Act, 2011 (Gujarat Act No. 15 of 2011) તરીકે પ્રસિદ્ધ કરેલ છે (જેની નકલ આ સાથે બિડેલ છે). જેથી હવે, આ કાયદા સાથે જોડેલ શિડયુલમાં દર્શાવેલ "બોમ્બે" નામથી પ્રચલીત 67 કાયદાઓ "ગુજરાત" નામથી ઓળખાશે.

ઉપર્યુક્ત વિગતે જણાવવાનું કે, સચિવાલયના સર્વે વિભાગો અને તેની હેઠળની સર્વે તાબાની કચેરીઓ જ્યાં જ્યાં આ કાયદાઓનું અમલીકરણ થાય છે તેઓએ હવેથી રોજબરોજના કામકાજમાં સદરહુ કાયદાઓના ઉલ્લેખ "ગુજરાત" નામથી શરૂ થાય તે રીતે કરવાનો રહેશે. એટલે કે, જે "બોમ્બે" એક્ટ છે તે "ગુજરાત" એક્ટ તરીકે ઓળખાશે અને જ્યાં જ્યાં તેના ઉલ્લેખ કરવામાં આવે ત્યાં "ગુજરાત" એક્ટ તરીકે ઉલ્લેખ કરવાનો રહેશે.

દા.ત. The Bombay Land Revenue Code, 1879 (Bom. V of 1879) હવેથી The Gujarat Land Revenue Code, 1879 (Bom. V of 1879) તરીકે ઓળખાશે અને તે "બોમ્બે"

એકટ જે વષરમાં પસાર થયા હશે તે કાયદાનું વષર અને નંબર યથાવત રહેશે. એટલે કે, તેનું સાઈટેશન (Bom. V of 1879) પણ એ જ રહેશે

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી,

સહી

અવાચ્ય

આર.એમ.ભાવસાર,

સરકારના નાયબ સચિવ.

પ્રતિ,

૧. માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી (પત્રથી)
૨. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય (પત્રથી)
૩. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી/સચિવશ્રી.
૪. સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
૫. સર્વે રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
૬. સર્વે સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
૭. મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી.
૮. સર્વે અ.મુ.સચિવશ્રીઓ.
૯. સર્વે અગ્ર સચિવશ્રીઓ.
૧૦. સર્વે સચિવશ્રીઓ.
૧૧. સચિવાલયના સર્વે વિભાગો (અધિનિયમની વધારાની ૫ નકલો સાથે).
૧૨. વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
૧૩. વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગની સર્વે શાખાઓ,
૧૪. સિલેક્ટ ફાઈલ